# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-06-2025 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : કાશ્મીર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કાશ્મીરથી કન્યાકુમારી સુધી દેશ હવે રેલ્વે નેટવર્ક દ્વારા જોડાઈ ગયો છે. શ્રી મોદીએ ગઇકાલે જમ્મુ અને કાશ્મીરના કટરા ખાતે ચેનાબ પુલ અને અંજી પુલનું ઉદ્ઘાટન કર્યા બાદ આ નિવેદન આપ્યું હતું.

શ્રી મોદીએ 46,000 કરોડ રૂપિયાથી વધુના સંખ્યાબંધ વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરી રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા.

એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે આ વિકાસ પ્રોજેક્ટ્સ જમ્મુ અને કાશ્મીરની પ્રગતિને નવી ગતિ આપશે. શ્રી મોદીએ ઉમેર્યું કે, ચેનાબ અને અંજી પુલ જમ્મુ અને કાશ્મીર માટે સમૃદ્ધિના પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે. પ્રધાનમંત્રીએ શ્રીનગરથી માતા વૈષ્ણોદેવી- કટરા વચ્ચે વંદેભારત ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

શ્રી મોદીએ નોંધ્યું કે ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લાઈન પ્રોજેક્ટ ફક્ત એક નામ નથી, પરંતુ આ પ્રદેશની નવી તાકાતની ઓળખ અને ભારતની વધતી જતી શક્તિની ઘોષણા છે.

**-------------------------------------------------------------------------------------------**

## કેન્દ્રીય ગૃહમંત્રી : ભાષા

કેન્ર્રી **N**ય ગૃહમંત્રી અમિત શાહે ગઇકાલે નવી દિલ્હીમાં ભારતીય ભાષા અનુભાગનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે તે વિદેશી ભાષાઓના પ્રભાવથી વહીવટને મુક્ત

કરવાની દિશામાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તેમણે કહ્યું કે જ્યારે વિચાર, વિશ્લેષણ અને નિર્ણય લેવાની પ્રક્રિયાઓ માતૃભાષામાં હશે ત્યારે જ સંભાવનાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય છે.ભારત બધી સ્થાનિક ભાષાઓને મજબૂત કરીને જ તેના શાશ્વત ગૌરવશાળી સ્થાન પર પહોંચશે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : મનપા તથા વિકાસકાર્યો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે છ નવરચિત મહાનગર પાલિકાઓ, પાંચ નગરપાલિકાઓ અને અમદાવાદ તથા ગાંધીનગર મહાનગર પાલિકાઓમાં વિવિધ વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં એક હજાર 700 કરોડ રૂપિયાથી વધુના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ સ્ટ્રીટલાઇટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેન વોટર હાર્વેસ્ટિંગ, વગેરે મળીને આંતરમાળખાકીય સુવિધાના 247 જેટલા કામો 6 નવરચિત મહાનગર પાલિકાઓમાં હાથ ધરવા માટે 676.28 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

---------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : રાજકોટ

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજકોટને ગઇકાલે 112 કરોડ રૂપિ.યાની વધારાની રોડ કનેક્ટિવિટીનો લાભ મળી રહ્યો છે જેના કારણે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રના વિકાસને વધુ વેગ મળશે. તેમણે જણાવ્યું કે, રાજકોટ ગુજરાતમાં **MSME**, મશીનરી, અને સોના ચાંદી ઇમિટેશન સહિતનાં વેપારનાં મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. શ્રી પટેલે પીએમ સૂર્યઘર યોજનામાં ગુજરાત અગ્રેસર હોવાનું જણાવ્યું

---------------------------------------------------------------------------------------

## રાજ્ય શિક્ષમંત્રી : એસએમસી પુન: રચના

૨૦૨૫નો શાળા પ્રવેશોત્સવ શરૂ થાય તે પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિ- **SMC**ની પુનઃરચના કરવા શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેર ડીંડોરે સંબંધિત અધિકારીઓને જણાવ્યું છે. તેમણે આ સમિતિમાં સક્રિય અને રસ ધરાવતા જ સભ્યોનો સમાવેશ થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં જણાવ્યું હતું.

શિક્ષણ મંત્રીએ ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે રાજ્યના જિલ્લા શિક્ષણાધિકારીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, **BRC, CRC** અને શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો.

મંત્રીશ્રીએ, શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા રાજ્યની શાળાઓમાં પુરતી શૈક્ષણિક સગવડો ઉપલબ્ધ છે કે નહીં તે ચકાસવા સૂચના આપી હતી.

---

## ઇદ-ઉલ-અઝહા

**આજે દેશના વિવિધ ભાગો સહિત કચ્છમાં પણ મુસ્લિમ બિરાદરો ઇદ-ઉલ-અઝહા કુરબાની ઇદનું પર્વ મનાવી રહ્યા છે. જિલ્લા મથક ભુજ ઉપરાંત સમગ્ર જિલ્લામાં વિવિધ સ્થળે ઇદની નમાજ અદા કરવામાં આવશે. ત્યારબાદ ઇદ મુબારકની આપલે કરવામાં આવશે.**

**રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ કુરબાની ઇદના અવસરે શુભકામના પાઠવી છે.**

---

## હવામાન

**હવામાન વિભાગે આજે દાહોદ, પંચમહાલ, વડોદરા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, રાજકોટ હળવા વરસદાની સંભાવના વ્યક્ત કરી છે.**

**જિલ્લામાં મહત્તમ પારો ઉંચકાતા સમગ્ર જનજીવન ગરમીથી પ્રભાવિત થયું છે. ગઇકાલે પૂર્વ કચ્છના ગાંધીધામ અને અંજાર વિસ્તાર સમગ્ર રાજ્યમાં મુખ્ય ગરમ મથક બની રહ્યો હતો.**

**જિલ્લા મથક ભુજ ખાતે ગઇકાલે 39.6 ડિગ્રી સેલ્સિયશ મહત્તમ તાપમાન નોંધાયું હતું, જ્યારે અંજાર-ગાંધીધામ વિસ્તારમાં 41 ડિગ્રી સેલ્સિયશ જેટલું ઉંચું તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ આગામી 24 કલાક વાતાવરણમાં કોઇ મોટા ફેરફારની સંભાવના વ્યક્ત કરી નથી.**

**-------------------------------------------------------------------------------------------**